Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-5, Continuous Issue-35, January - February 2026

# ઉર્ધ્વારોહણ – પ્રવાસસાહિત્ય : એક અભ્યાસ

-ડૉ.અબ્બાસઅલી સુથાર

પૂર્વભૂમિકા:

માનવ જીવનની જડતાને દૂર કરવાં તથા જીવનને રંગીન બનાવવાં માનવીએ હંમેશા ચાલતાં રહેવું પડે છે. માનવમન પણ અલગ અલગ પરિસ્થિતિઓમાં વલોવાય છે. એમ માનવ સંસ્કૃતિના પ્રારંભથી આદિમાનવ જંગલોમાં ફરવા લાગ્યો. ત્યારે આદિમાનવ નદી, જંગલો, મેદાની પ્રદેશ, રણપ્રદેશ આવી અલગ અલગ જગ્યાએ જઈને ભૂખ અને ખોરાકને સંતોષવા માટે સતત પ્રયત્ન કરવા લાગ્યો. આવી કુદરતની વિશેષતાઓનો અનુભવ થવા લાગ્યો અને તેમાંથી આનંદ મેળવવા લાગ્યો. જે આજ સુધી માનવી જુદા જુદા સ્થળોના પ્રવાસ કરીને સમાજ અને સંસ્કૃતિમાં નવું પરિવર્તન લાવી રહ્યો છે. જે આપણને પ્રવાસ સાહિત્યમાં જોવા મળે છે. આ સંશોધનપત્રમાં પ્રવાસ સાહિત્યમાં કિન્નરી પરીખ કૃત 'ઉર્ધ્વારોહણ'નો અભ્યાસ કરવાનો મારો ઉપક્રમ છે.

ચાવીરૂપ શબ્દો: પ્રવાસસાહિત્ય, કિન્નરી પરીખ, ઉર્ધ્વારોહણ, કૈલાસ-માનસરોવર, પ્રકૃતિ, આધ્યાત્મિકતા, યાત્રાનુભવ.

પ્રવાસ સાહિત્ય:

પ્રાચીન સમયમાં ગુફામાં રહેતો આદિમાનવ પોતાની ભૂખ તરસને સંતોષવા નદી તરફ ગયો, વહેતી નદીના પાણીનો અવાજ ખળખળ એ તેને સતત આકર્ષણ પીડા કર્યું, પવનનાં સુસવાટા, પક્ષીઓનો કલરવ, દરિયાનાં ભરતી-ઓટ, આકાશમાં ચાંદનીનો અદ્ભુત નજારો આ બધું જોઈ તે પણ ગતિમાન અને પરિવર્તનશીલ સમાજનો એક અંગ બન્યો. આદિમાનવથી લઈ ૨૧મી સદીમાં જીવતાં મનુષ્યને જોઈ ખરેખર થાય કે આટલું પરિવર્તન કેવી રીતે આવ્યું? તેનો સ્વભાવિક ઉત્તર માનવીની જીજ્ઞાસાવૃત્તિ છે. મનુષ્ય એક એવું પ્રાણી છે જે ગતિ તો કરે છે પણ સાથે સાથે સતત નાવિન્ય પ્રગટ કરે છે. કુદરતે સમગ્ર જીવસૃષ્ટિને બક્ષેલ શક્તિઓ કરતાં માનવીને ઘણી બધી વિશિષ્ટ શક્તિઓ આપી છે. ફળ સ્વરૂપે પ્રાચીન સમયમાં જમીન પર રહેતો માનવી આજે અવકાશમાં ઘર બનાવી શક્યો. ગુફામાં નગ્નાવસ્થામાં વસતો માનવ ઉત્ક્રાંતિ પામતો વલ્કલ અને વસ્ત્ર સુધી પહોંચ્યો. પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી પોતાનાં વિચારને, પોતાની વાતને પહોંચાડતો થયો, કુદરતે સૃષ્ટિને બક્ષેલ અમૂલ્ય પ્રકૃતિ જગતનો લખલૂટ આનંદ લૂંટતો રહ્યો.

સંસ્કૃત, પ્રાકૃત પછી ભારતીય ભાષાઓના સાહિત્યની એક દીર્ઘ પરંપરા હતી, તેમ છતાં સાહિત્યના પ્રભાવે અનેક નવાં સાહિત્યસ્વરૂપોનો સંપર્ક થતાં સ્વદેશી ભાષાઓમાં તેનું ખેડાણ શરૂ થયું – ખાસ તો ગદ્યસાહિત્યનાં વિવિધ રૂપો નિબંધ, નવલકથા, પ્રવાસ, વિવેચન વગેરે. પ્રવાસસાહિત્ય મૂળ તો નિબંધ સ્વરૂપનો જ એક ભાગ છે. ગુજરાતને જેમણે પોતાનું વતન બનાવેલું એવા પારસીઓ પ્રાશ્ચાત્ય સંસ્કૃતિનું, સાહિત્યનું સામૈયું કરવામાં અગ્રણી હતાં. ઘણાં વિનોદમાં પારસીઓને 'સવાઈ અંગ્રેજ' કહેતા આવ્યા છે. છતાં ગુજરાતીને તેમણે 'માતૃભાષા' તરીકે અપનાવી, તેમાં ભરપૂર ખેડાણ કર્યું છે.

પ્રવાસ : શબ્દાર્થ

- 'પ્રવાસ' શબ્દ મૂળે સંસ્કૃત ભાષાનો છે. 'પ્ર'પૂર્વગ છે. મૂળ ધાતુ વસ્ એટલે વસવું, રહેવું, વસવાટ કરવો. પ્ર+વસ્ એટલે "ઘર પર ન રહેનાર"
- 'પ્રવાસ' શબ્દ વિશે ભગવદ્ગોમંડલ અને સંસ્કૃત ગુજરાતી વિનીત કોશમાં માહિતી આપવામાં આવી છે.
- 'પરદેશવાસ', 'વિદેશ જવું તે', 'ઘરથી દૂર જવું તે', 'પંથ કરવો તે', 'અટણ', 'ભ્રમણ', 'સહેલગાહ', 'પ્રવાસ કરવો તે', 'દેશાટન', 'સફર'.'

- ‘વસવું', 'મુસાફરીએ જવું તે’, ‘પ્રવાસ', 'લશ્કરની ફચ’, 'તીર્થયાત્રા’, ‘ઉત્સવમેળો'.’
- અંગ્રેજીમાં ‘Travel’ નો અર્થ ‘Make a journey’ થાય છે. અંગ્રેજીમાં ‘Travelouge’ શબ્દ પણ પ્રવાસ સાહિત્યના અર્થમાં જાણીતો છે.

પરંતુ આ બધામાંથી ગુજરાતી ભાષાને તો 'પ્રવાસ' શબ્દ જ માફક આવ્યો છે અને મોટેભાગે તે જ પ્રચલિત છે. અરુણા બક્ષી તેમના મહાનિબંધમાં નોંધે છે કે, “પ્રવાસ એક સ્થળેથી બીજા સ્થળે જવાની ક્રિયા યા પ્રવૃત્તિ છે. જ્ઞાનાર્જન, વ્યાપાર, યુદ્ધ, મનોરંજન તેમજ ધર્મસાધનાની ભાવનાથી પ્રેરાઈને તે (પ્રવાસ) કરવામાં આવે છે. વસ્તુઃ સંચરણશીલતા યા ગતિશીલતા તેનું મુખ્ય લક્ષણ છે. આમ, સતત ગતિશીલ રહેવું, સ્થાનાંતર કરવું કે પરિભ્રમણ કરવું તે બાબત મહત્વની છે.”

ઉપરોક્ત બાબતોને જોતાં આપણે એટલું ચોક્કસ કહી શકીએ કે પ્રવાસ પાછળ કંઈક ઝંખના રહેલી હોય છે. તે એક સ્થળેથી બીજા સ્થળે જવાની ક્રિયા છે, તેનાથી જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય છે અને આનંદ મળે છે.

સર્જક પરિચય: કિન્નરી પરીખ

કિન્નરી પરીખનો ટૂંકમાં પરિચય તેમના પુસ્તકની પ્રસ્તાવનામાંથી જોઈએ. કિન્નરી એક ગૃહિણી છે, સાથે સોફ્ટ ટોય્સના વ્યવસાય સાથે સંકળાયેલા છે. સૌરાષ્ટ્રના નાનકડાં ધૂળિયા ગામ ચોરવાડમાં બાળપણ વિતાવેલી ગભરુ, સાદી, સરળ છોકરીની છે. “નિશાળેથી નિસરી જવું પાસરૂં ઘેર' તેવી કૉલેજ કન્યાની વાત છે. જેને ૨૧માં વર્ષે ગૃહસ્થી ચાલુ કરી અને ૩૬ વર્ષ સુધી ઘરની ચાર દીવાલો સુધીની સીમિત દુનિયામાં રહેલી પત્નીની આ વાત છે. જે પરિવારની વહુ-દીકરીઓ રાત્રે અંધારું થતાં પહેલાં ઘરે આવી જાય એવી આચારસંહિતા ધરાવનાર કુટુંબની પુત્રવધૂની વાત છે. જિંદગીના ૨૦ વર્ષ બાળકો ઘરેથી જાય અને પાછાં કરે ત્યારે ઉંબરે ઊભેલી ‘મા’ની આ કથા છે.

‘ઉર્ધ્વારોહણ’ : એક અભ્યાસ

કિન્નરી પરીખ રચિત “ઊર્વારોહણ” પ્રવાસવૃત્તાંત ઈ.સ.૨૦૦૬માં નવભારત પ્રકાશન મંદિર દ્વારા પ્રકાશિત થાય છે. આ પ્રવાસ પુસ્તકમાં શરૂઆતમાં 'માનસરોવરની કલ્પના અને સંકલ્પ,"યાત્રા માટેની સજ્જતા અને તૈયારી. 'આધ્યાત્મિક તૈયારી,' 'દિલ્હીની કાર્યવાહી. યાત્રાનો પ્રારંભ - બસ દ્વારા,' 'પગપાળા યાત્રા,' ‘સીમા પારની યાત્રા' વગેરે શરૂઆતનાં પ્રકરણોમાં ફક્ત માહિતી જ આપવામાં આવી હોય એવું લાગે છે. સાથે સાથે દરેક સ્થળના ફોટાગ્રાફ્સ પણ પુસ્તકમાં મુકવામાં આવ્યા છે, તે પુસ્તકની વિશેષતા છે.

સ્થળવર્ણનો:

કૈલાસ માનસરોવરની થાત્રાએ જતાં રસ્તામાં જે વિકટ પરિસ્થિતિ આવે છે. તેનું લેખિકા વર્ણન કરે છે. દુર્ગમ રસ્તો વધુને વધુ વિકટ થતો ગયો. હિમાલયનું વિરાટ સ્વરૂપ અને માનવનું વામન સ્વરૂપ. વામન અને વિરાટનો સમન્વય અદ્ભુત હતો. વિરાટના દામનમાં વામનનું આરોહણ હતું. આ સાથે મારી અંતરથાવાનું આરોહણ થતું

કૈલાસ માનસરોવરની યાત્રાએ જતાં કાલીગંગા નદી આવે છે. આ નદી યાત્રીઓની સાથે-સાથે અને પાસે-પાસે ચાલતી હોય તેવાં તેનાં વળાંકો આવે છે. અહીં લેખિકાએ વર્ણવેલ કાલીગંગા નદીનું સૌંદર્ય, "કાલીગંગાનો ઘૂઘવાટ મનને ભરી દેતો હતો, વચ્ચે ખડકો અને પથ્થરો તેની સાથે પાણી અફળાતાં સફેદ ફીણ અને જળશિકરો મંત્રમુગ્ધ કરી દેતાં હતાં.”

જે યાત્રાધામનાં દર્શનની વર્ષોથી પ્રવાસી રાહ જુએ છે અને અંતે એમની ઈચ્છા ફળીભૂત થાય છે. ત્યારે જાણે જિંદગીનું સપનું વાસ્તવિક રૂપે સાકાર થતું દેખાય છે. કૈલાસ માનસરોવરનાં પ્રથમ દર્શનની અનુભૂતિ એમનાં શબ્દો દ્વારા પામી શકાય છે.

“સરોવર નિહાળતાં અલૌકિક આનંદ માણતા હતા. જિંદગીનું સપનું વાસ્તવિક રૂપે સાકાર થયું હતું. ઈશ્વરની કૃપા અને આહ્લાદક આનંદની અનુભૂતિ હરપળે થતી હતી. બસની યાત્રા સાથે મનોયાત્રા કરતાં કરતાં ટુગુ પહોંચ્યા. અહીં માનસરોવર ખૂબ સુંદર દેખાય છે. પાનસરોવર કૈલાસપર્વતના ચરણ પખાળતું હોય તેવું લાગે છે.”

પ્રવાસમાં આવતા વ્યક્તિચિત્રો:

પ્રવાસીનાં વ્યક્તિચિત્રો યાત્રા બાહ્ય સાથે આંતરિક પણ શરૂ જ છે. અહીં લેખિકાની અંતરયાત્રાના શબ્દો, “ખીણમાં ચાલતા ખૂબ ઊંચાઈએ એક પક્ષી ઊડતું હતું. તે જોઈને રિચાર્ડ બાકનું પુસ્તક ‘જોનાથન લીવીસ્ટન સીગલ' તેના નાયક પક્ષી જોનાથન યાદ આવ્યો. મારો ખૂબ વહાલો મિત્ર. તેને હંમેશાં ઊંચાઈ પર જ ઊડવું ગમતું. યુવ ભટ્ટનું પુસ્તક 'અતરાપી' નો નાયક શ્વાન સારમેય પણ એટલો જ વહાલો. તે અંતરયાત્રાનો યાત્રી."

પ્રવાસની પરિસ્થિતિ:

લેખિકા અને બીજા સાથી મિત્રો રાત્રે અઢી વાગ્યે માનસરોવર જોવા માટે જાય છે. માનસરોવરનો ભવ્ય નજારો જોઈ લેખિકા આશ્ચર્યચકિત થઈ જાય છે. કેટલાય વર્ષોનું સ્વપન સાકાર થઈ રહ્યું છે. હાડ થિજવી નાખતી ઠંડીમાં પણ મનસરોવરના દર્શન કરવા રાત્રે ટેન્ટમાંથી માનસ કિનારે આવે છે. તારાઓનાં અદ્ભુત દૃશ્યો. ઊગતો ચંદ્ર લેખિકા નિહાળે છે. આ બધા દૃશ્યોને તન અને મનની આંખોથી પી રહ્યાં છે. કુદરતની આ અનુભૂતિ અલૌકિક અને અદ્ભુત છે.
રાત્રે અઢી વાગ્યે ઊઠ્યાં. બધા લબાચા લઈને બિલ્લીપગે નીકળ્યાં. નિરવ શાંતિ. આકાશમાં તો તારાઓ એટલાં સુંદર લાગે ! અદ્ભુત અને અલૌકિક વાતાવરણની અનુભૂતિ પણ અદ્ભુત અને અલૌકિક હતી. નીરવ, શાંત રાત્રિમાં માનસરોવરમાંથી જાણે શાંતિનાં આંદોલનો ઉદ્દભવતાં હતાં. રાખોડી અને કાળા રંગની અજબ મિલાવટ હતી. રાત્રિનું પોતાનું આગવું સૌન્દર્ય હતું. વચ્ચે વચ્ચે તારાઓ દેખાયા. કોઈ તારા સરોવરમાં વિલીન થઈ જાય, કોઈ પાછાં ઉપર જતાં રહે. તારાઓ માટે એવી માન્યતા છે કે, દેવતાઓ તારા સ્વરૂપે સ્નાન કરવા આવે છે. વૈજ્ઞાનિક તારણ એ છે કે, આ ઉલ્કા છે. જાગતા ઊંઘતાં તારાઓ જોયાં. સવારે પોણા પાંચે ચંદ્ર પર્વત પાછળથી ઊગ્યો. શું સુંદર લાગે ! પહેલાં તેજપુંજ જેવો લાગ્યો. પછી કૈલાસપતિની જટામાં છે તેવો લાગતો હતો. ધીરે-ધીરે ઉપર આવતો ગયો તેમ તેમ સરોવરમાં તેનાં તેજનું પ્રતિબિંબ સરોવરને અનેરી શોભા આપતું હતું. કાળા અને રાખોડી રંગના મિશ્રણમાં વળી રૂપેરી ચાંદનીનો પ્રકાશ રેલાઈ રહ્યો હતો. તનની અને મનની આંખોથી આ દૃશ્ય પી રહ્યાં હતાં, અને આત્મા અભિભૂત થઈ રહ્યો હતો. સૃષ્ટિના સર્જનહારની અદ્ભુત કરામતને જોતાં જોતાં અલૌકિક અનુભૂતિથી અભિભૂત થતાં શાંતિમાં ગરકાવ થઇ ગયાં.

પ્રકૃતિવર્ણન:

“મનમાં શ્રદ્ધા સાથે ચાલતી હતી. ચોતરફનું સૌંદર્ય મન ભરીને માણતી હતી. ઘણે દૂર સુધી ચાલ્યા પછી ઊભી રહી ચારેય બાજુ જોયું. પાછળ નજર કરી તો નજર સામે જ કૈલાસ. ધન્ય ધન્ય થઈ ગઈ. ખૂબ સુંદર દર્શન થયાં. આગળ ચાલતાં ક્યાંક વચ્ચેથી નદીમાં ઝરણાં પણ આવીને મળે. કૈલાસપર્વતની દિશામાંથી નીકળતાં હોય, જાણે શિવજીની જટામાંથી ગંગાજી વહે. ! ઝરણાનો ખળખળ વહેતો અવાજ મનને કંઈ જુદી દુનિયાની અનુભૂતિ કરાવતો હતો. મનમાં મંગલભાવની ભરતી થતી હતી. બધું મન ભરીને માણતી હતી.

સારાંશ:

પ્રવાસસાહિત્ય ગુજરાતી ગદ્યસાહિત્યનું એક મહત્વપૂર્ણ અને લોકપ્રિય સ્વરૂપ છે, જેમાં પ્રવાસના બાહ્ય અનુભવોની સાથે માનવમનની આંતરિક યાત્રાનું પણ કલાત્મક નિરૂપણ જોવા મળે છે. કિન્નરી પરીખનું ‘ઉર્ધ્વારોહણ’ કૈલાસ-માનસરોવરની યાત્રાને કેન્દ્રમાં રાખીને રચાયેલું નોંધપાત્ર પ્રવાસવૃત્તાંત છે. આ કૃતિમાં યાત્રાની તૈયારી, દુર્ગમ માર્ગો, પ્રાકૃતિક સૌંદર્ય, આધ્યાત્મિક અનુભૂતિ અને માનવીય સંવેદનાઓનું અસરકારક આલેખન કરવામાં આવ્યું છે. લેખિકા હિમાલય, કાલીગંગા, માનસરોવર અને કૈલાસ પર્વતના દૃશ્યોને માત્ર વર્ણવતી નથી, પરંતુ તે દૃશ્યોના અંતરમાં રહેલા આધ્યાત્મિક અને માનસિક અનુભવોને પણ અભિવ્યક્ત કરે છે. કૃતિમાં પ્રકૃતિવર્ણન, સ્થળવર્ણન, વ્યક્તિચિત્રણ અને અંતરયાત્રાના પ્રસંગો પ્રવાસસાહિત્યને કલાત્મક ઊંચાઈ પ્રદાન કરે છે. સરળ, પ્રવાહી અને ભાવસભર ભાષાશૈલી તેમજ અનુભૂતિપ્રધાન અભિવ્યક્તિના કારણે આ કૃતિ વાચકને યાત્રાનો પ્રત્યક્ષ અનુભવ કરાવે છે. પ્રસ્તુત સંશોધનપત્રમાં ‘ઉર્ધ્વારોહણ’નું પ્રવાસસાહિત્યના સ્વરૂપ, કથ્ય, પ્રકૃતિવર્ણન, આધ્યાત્મિક ચેતના અને ભાષાશૈલીના સંદર્ભમાં વિશ્લેષણાત્મક અધ્યયન કરવામાં આવ્યું છે. અભ્યાસના અંતે એવું સ્પષ્ટ થાય છે કે

'ઉર્ધ્વારોહણ' માત્ર યાત્રાનું વર્ણન નથી, પરંતુ માનવજીવનમાં આત્મબોધ, પ્રકૃતિપ્રેમ અને આધ્યાત્મિક ઉર્ધ્વગમનની અનુભૂતિ કરાવતી એક મહત્વપૂર્ણ ગુજરાતી પ્રવાસકૃતિ છે.

સંદર્ભસૂચિ:


- પરીખ, કિન્નરી. (2006). ઉર્ધ્વારોહણ. અમદાવાદ: નવભારત પ્રકાશન મંદિર.
- બક્ષી, અરુણા. (2002). ગુજરાતી પ્રવાસસાહિત્ય: સ્વરૂપ અને વિકાસ (અપ્રકાશિત મહાનિબંધ). ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
- જોષી, ઉમાશંકર. (1998). શૈલી અને સ્વરૂપ. અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
- કોઠારી, જયંત. (2001). સાહિત્ય સ્વરૂપોનો પરિચય. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
- પટેલ, મણિલાલ હ. (2004). ગુજરાતી ગદ્યસાહિત્ય: સ્વરૂપ અને વિકાસ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.


---


ડૉ.અબ્બાસઅલી સુથાર
આસી.પ્રોફેસર,
જાફરી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, શેખપુર